બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.
Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

મે – ૨૦૨૨
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## કેમ છો પૂછાય..

કોઈ હાથ લંબાવે તો કેમ છો પૂછાય
હમસફર બોલાવે તો કેમ છો પૂછાય
અહીં તો તારૂં ને મારૂં છે બધું સરખું
જો દર્પણ હસાવે તો કેમ છો પૂછાય
સભા આપણા લોકોની ટોળે વળી છે
સંબંધ રસ્તો બતાવે તો કેમ છો પૂછાય
દીવાના ઘણા હોય પ્રેમના અલગ અલગ
સાચો પ્રેમ કરી જતાવે તો કેમ છો પૂછાય
શ્રધ્ધા પર નભે ખરી દોસ્તીની વફાદારી
પણ હાથ છોડી રડાવે તો કેમ છો પૂછાય.

– ભૂષિત શુક્લ, રાજકોટ.
મો. ૯૬૮૭૦૭૬૦૫૬

## માનવને સંદેશ - ગીતા ઉપદેશ

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

આપ કોઈપણ ધર્મના હો,કોઈપણ સંપ્રદાય કે પંથના હો,કોઈપણ ઈશ્વરને માનતા હો તો પણ આપ માનવ છો.માનવ જે,માનવ ધર્મ,માનવતાનો ધર્મ ફરજ અને જવાબદારી સમજે તો સર્વોત્તમ આનંદ અને સુખ પ્રાપ્ત કરી શકે છે.આ બધું સમજવા માટે દરેક માનવે 'માનવ ધર્મ'ની સમજણ આપતું અત્યંત ઉપયોગી પણ નાનું પુસ્તક 'ભગવદ્ ગીતા'વાંચવું પડે. ગીતા હિન્દુઓનો ગ્રંથ એવું નથી પરંતુ ભગવદ્ ગીતા વિશ્વના અનેક ધર્મોનો પાલન કરતા તમામ માનવોને માનવ ધર્મ શીખવતી વિશ્વમાં સૌથી ઉચ્ચ કક્ષાનો સર્વ સ્વીકાર્ય ગ્રંથ છે.કારણ કે—

(૧) ગીતામાં કોઈ એક ધર્મની તરફેણ નથી કે બીજા અન્ય ધર્મ વિરૂધ્ધની વાત નથી.

(૨) ગીતા સુખમાં કે દુઃખમાં કેમ રહેવું તે શીખવે છે.

(૩) ગીતા દુર્ગુણોને કેમ દૂર કરવા તે શીખવે છે.

(૪) ગીતા કુટુંબના,સમાજના અને સંપ્રદાય ઝઘડાઓ તથા અન્ય પ્રકારની દુઃખદાયક સમસ્યાઓ કેમ મટાડવી તે શીખવે છે.

(૫) ગીતા સહનશીલતા,દયા,પ્રેમ,પરોપકાર,ભાઈચારો,સદાચાર,સેવા,સદ્વર્તન,ભક્તિ તથા કર્મ દ્વારા ઉન્નત જીવન કેવી રીતે જીવી શકાય તે શીખવે છે.

(૬) ગીતા કલ્પવૃક્ષ છે.ગીતા નીતિ તથા ધર્મ શીખવે છે. ગીતા સુખી જિંદગીનો આધાર છે.સમગ્ર વિશ્વમાં ગીતા કરતાં ચડીયાતો કોઈ ગ્રંથ નથી,જેમાં ફકત માનવ ધર્મની અને માનવ ઉધ્ધારની વાત હોય.ગીતા ભારતનું ગૌરવ છે.શાન છે.પ્રભુના સ્વમુખે બોલાયેલ અણમોલ વરદાન છે.માટે એક વખત ગીતા ધ્યાનપૂર્વક વાંચશો તો આપનું જરૂર કલ્યાણ થશે.

---

હેઠો મૂકાશે હાથ ને ભેગા થશે પછી જ,
કોશિષ જ્યાં પતે પછી જ ત્યાં શરૂ થાય છે ઈશ્વર.
જો દૂર પેલી વસ્તીમાં ભૂલકાં છે ભૂખ્યાં,
લાગે છે દૂરના ચશ્માં ય છે ઈશ્વર.
કે છે કે તું પેલા મંદિરે હાજરાહજૂર,
તું પણ શું ચકાચોંધથી અંજાય છે ઈશ્વર?
થોડા જગતના આંસુઓ થોડા મરીઝના શે'ર,
લાવ્યો છું જુદી પ્રાર્થના.સંભળાય છે ઈશ્વર?
એનામાંય હું માનતો થઈ જાઉં છું ત્યારે,
મારામાં જ્યારે માનતો થઈ જાય છે ઈશ્વર.

— સૌમ્ય જોશી.

રણમાં ગુલાબ ઉગાડવાનો પ્રયોગ કરવા જેવો છે
ભીતર કશુંક જગાડવાનો પ્રયોગ કરવા જેવો છે
નથી માલ હવે બહુ ઠાવકા થઈ જીવવામાં હવે
ખુદને થોડું બગાડવાનો પ્રયોગ કરવા જેવો છે
આમ ડરી ડરીને જીવવાનું તો યાર કેમ ફાવશે?
કશેક દીલ લગાડવાનો પ્રયોગ કરવા જેવો છે
બુદ્ધે કહયું છે કે સઘળા દુઃખનું મૂળ છે ઈચ્છા
ઈચછાઓને ભગાડવાનો પ્રયોગ કરવા જેવો છે
નક્કર છે આ ભટ્ટજી નથી પોલો નગારા જેમ
કરવા ખાત્રી એને વગાડવાનો પ્રયોગ કરવા જેવો છે

— મહુલ ભટ્ટ

## વિદ્વાન કર્મયોગી પ્રવિણભાઈ વૈષ્ણવનો દેહવિલય



એક સમયે રાજકોટ સ્થિત પી.એમ.વૈષ્ણવના નામથી જાણીતા એવા પ્રવિણભાઈ વૈષ્ણવનું ૮૭ વર્ષની વયે તા.૫/૫/૨૨ના રોજ સુરત ખાતે દેહાવસાન થયું. પ્રવિણભાઈ આકાશવાણી અમદાવાદ ખાતે આકાશવાણી કેન્દ્રમાં ડેપ્યુટી ઓફીસર તરીકે જોડાયા હતા.૩૯ વર્ષની દીર્ઘકાલિન અને સન્નિષ્ઠ ફરજ બજાવી,૧૯૯૩માં રાજકોટ દૂરદર્શન કેન્દ્રના સ્ટેશન ડાયરેકટરના પદેથી નિવૃત્ત થયા હતા.તેમના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિના અનેક પ્રતિભાવાન બંધુઓને કર્તાભાવથી પર રહીને નોકરીની તક આપી હતી. વ્યકિતવિશેષોની મુલાકાતો ઈન્ટરવ્યુ લેવામાં પણ હંમેશાં જ્ઞાતિજનોને પહેલી પસંદગી આપી. સહજ સ્વભાવના મૃદુભાષી, તત્વચિંતક વિદ્વાન એવા પ્રવિણભાઈ ઉપર મહર્ષિ અરવિંદના વિચારોનો અમીટ પ્રભાવ.તેઓએ મહર્ષિ અરવિંદ અને શ્રીમાતાજીના અનેક પુસ્તકોન ભાવાનુવાદ કર્યો હતો.

શાંતિભાઈના સમયથી આજ સુધી તેમના દ્વારા લખાયેલા, જીવનનો મર્મ સમજાવતા કૃષ્ણ—ગીતા ઉપરના ચિંતનાત્મક સાહિત્યનો તથા ઈતર વિષયો ઉપરના અઢળક જ્ઞાનામૃતનો લાભ તેઓએ બરછીના વાંચકોને આપ્યો.બરછી જ નહિ,સમાજને ચિંતક વિદ્વાનની ખોટ પડી છે.

કર્તા ઈશ્વર જ છે તેવી પૂર્ણ શ્રદ્ધા,આચાર વિચારમાં ભેદ નહિ એવા સત્વગુણી, ખરા અર્થમાં કર્મયોગી એવા મુ.પ્રવિણભાઈના આત્માને શાંતિ જ હોય..આપણે તે માર્ગે ચાલવા પ્રયત્ન કરીએ તે જ તેમને સાચી શ્રધ્ધાંજલી.

થોડા સમય પહેલાં મુ.પ્રવિણભાઈ વડોદરા હતા ત્યારે, જાણે કે પોતાના જીવનનું લક્ષ્ય દર્શાવતો ને સમજ આપતો બરછી માટે લખી મોકલેલ લેખ બરછી પરિવારની તેમને ભાવાંજલી રૂપે અત્રે પ્રકાશિત કરી રહયા છીએ.

### ભગવાન રથમાં છે ત્યાં સુધી...




મહાભારતનો એક પ્રસંગ છે..કુરૂક્ષેત્રનું યુધ્ધ હમણાંજ પુરૂં થયું હતું.શ્રીકૃષ્ણે અર્જુનને કહયું,"ચાલ યુધ્ધભૂમિ જોવા જઈએ. "અર્જુનને થયું..હજુ તો ત્યાં શબ પડયાં હશે તેમને ફરીથી જોવાના? ભલે આ તો કૃષ્ણ છે. તેમના મનમાં કંઈક હશે જ.રથમાં બેસી બન્ને ત્યાં પહોંચ્યા.ત્યાં શ્રીકૃષ્ણે અર્જુનને કહયું,"આજે તું પહેલો ઉતરજે,રથમાંથી હું પછી ઉતરીશ."અર્જુનને થયું આમ કેમ?યુધ્ધના દિવસો દરમ્યાન એક સારથીની શિસ્ત મુજબ કૃષ્ણ રથમાંથી ઉતરતા અને પછી પોતે ઉતરતો હતો.આજે આમ કેમ? પણ કૃષ્ણ કહે છે તેથી

કંઈક મર્મ તો હશે જ.તેથી પહેલાં રથમાંથી અર્જુન ઉતર્યો અને પછી જેવા કૃષ્ણ ઉતર્યા કે તરત રથમાં આગ લાગી.લાકડાંનો બનાવેલો રથ બળીને ભસ્મ થઈ ગયો. આજે જો કૃષ્ણ પહેલાં ઉતર્યા હોત તો શું બને? અર્જુન આગની ઝપટમાં આવી જાય.અર્જુનને થયું કે મને કૃષ્ણએજ બચાવ્યો.આ પ્રસંગનો ગૂઢાર્થ શું તે મહાભારતકારે લખ્યું નથી.તેથી આપણે જ તે શોધી લેવાનો.શું એ આપણા દેહમાંથી નીકળી જાય તો પછી અગ્નિસંસ્કાર જ કરવો પડે,આપણામાં જીવરૂપે ઈશ્વરનો અંશ હોય ત્યાં સુધી આપણે જીવી શકીએ છીએ.આપણા અનેક સંતો મહાત્માઓએ આપણને વારંવાર ગાઇ વગાડીને કહયું છે કે આ દેહ છે,ત્યાં સુધીમાં ભગવત્પ્રાપ્તિ કરી લો.દાસી જીવણ કહે છે,"વિજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ,અચાનક અંધારા થાશે રે."આ માનવનો દેહ છે ત્યાં સુધી પ્રયત્ન થઈ શકશે,તે દેહ વિના ભક્તિ કેમ કરી શકાય?

અર્જુનની પોતાની બાબતમાં પણ આ આગમના એંધાણ છે.દ્વારકામાં શ્રી કૃષ્ણ જીવનની ઉત્તરાવસ્થા ગાળવા રહયા.અર્જુન જેવો પાછો ફર્યો,તેવા 'કાબાઓ' મળી ગયા."કાબે અર્જુન લૂંટીયો,યહી ધનુષ,યહી બાણ."જે ધનુષ બાણથી તેણે કુરૂક્ષેત્રમાં અનેક કૌરવોનો નાશ કર્યો,તે જ ધનુષ–બાણ તેને કાબાઓ સામે મદદ ન કરી શકયા.ફરી એ જ અર્થ થાય કે ભગવાન તેના સારથી હતા.તેને લીધે તે યુધ્ધ જીત્યો.તેમના વિના આમ કરી શકવું તે તેના ગજાં બહારની વાત હતી. સારાંશ એ કે આપણી અંદર અંતર્યામી બેઠો છે, તેની મદદ લઈ જીવન જીવો,તેને સતત સાથે ાખો.ભગવાન વગર આપણે એકડા વગરનું શૂન્ય છીએ.

## શ્રી નાગર યુવક મંડળ,રાજકોટની ચૂંટણી યોજાય ગઇ

તાજેતરમાં રાજકોટના શ્રી નાગર યુવક મંડળની ચૂંટણી યોજાય ગઈ.જેમાં પ્રમુખ તરીકે શ્રી ઓજસ બિપીનભાઈ માંકડ ચૂંટાઈ આવ્યા હતા.જ્યારે કારોબારી સભ્યો તરીકે શ્રી કેયુર પ્રવિણભાઈ મંકોડી,કિરણ રૂદ્રેશભાઈ બુચ,અનીષ અવિનાશભાઈ કચ્છી,વિપુલ જયકુમાર પોટા,આશિષ યજ્ઞેશભાઈ નાણાવટી, હિરેન જ્યોતિન્દ્રભાઈ આચાર્ય,મીત રાજલભાઈ મહેતા તથા પ્રશાંત હરસુખરાય માંકડ ચૂંટાયેલા જાહેર થયા હતા.આમ કુલ દસ નોંધાયેલ ઉમેદવારોમાંથી આઠ સભ્ય વિજેતા જાહેર થયા હતા.જ્યારે સ્ત્રી સભ્યોમાં શ્રીમતી હિતેક્ષા બુચ તથા કુ. અનુજા મહેતા બીનહરિફ ચૂંટાઈ આવ્યાં હતાં.૮૫ આજીવન સભ્ય જ્ઞાતિજનોએ પોતાના મતાધિકારના ઉપયોગ કરવાની તક સાંપડી હતી . ચૂંટણી અધિકારી તરીકે શ્રી આશુતોષ ભાઈ વસાવડાએ પોતાની સેવાઓ આપી હતી.

વિજેતા ઉમેદવારોને અભિનંદન..સમસ્ત જ્ઞાતિનો વિશ્વાસ સંપાદિત કરી હવે પછીના આયોજનો પ્રવૃત્તિઓ કરો તેવી શુભેચ્છા. જ્ઞાતિઉત્થાનની દરેક પ્રવૃત્તિઓમાં બરછીનો સાથ સહકાર હંમેશા રહયો છે અને રહેશે.

सांसों का रूक जाना ही मृत्यु नहीं है , वह व्यक्ति भी मरा हुआ ही है , जिसने ग़लत को ग़लत कहने की नैतिकता खो दी है ।

ओशो ।। प्रेम-ध्यान।।

## સમાચાર સંચય :

અમદાવાદ : અત્રે હાઈકોર્ટ જજ તરીકે ફરજ બજાવતા શ્રી મનહરભાઈ મંગળપ્રસાદ છાયાના પુત્ર શ્રી રશ્મિકાન્તભાઈ છાયાને ગોહાટીના ચીફ જસ્ટિસ તરીકે નિયુકત કરવામાં આવ્યા. ગર્વભેર અભિનંદન.

વલ્લભ વિદ્યાનગર : તાજેતરમાં અત્રેના શ્રી હાટકેશ મિત્ર મંડળની વર્ષ ૨૦૨૨–૨૩ના વર્ષ માટે કારોબારી સમિતિની વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે શ્રીમતી બિંદીબેન દેસાઈ, મંત્રી–શ્રી ધવલભાઈ ઓઝા, ખજાનચી–શ્રી વિમલભાઈ ઓઝા, જ્યારે કારોબારી સભ્ય તરીકે શ્રી ભાવિનભાઈ મહેતા, શાલિનભાઈ ઓઝા, હરિણીબેન મહેતા તથા શ્રીમતી શૈલીબેન દેસાઈની વરણી કરવામાં આવી

ભાવનગર : શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે ઈષ્ટદેવ હાટકેશ્વરદાદાનો પાટોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો. શ્રી હરિનાગર નિવાસ ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવના મંદિરમાં સાંજે ૪ કલાકે શ્રી સાગરીતભાઈ મહેતા દંપતી તથા શ્રી મહાદેવભાઈ મહેતા દંપતીના યજમાન પદે તથા શ્રી જોશીભાઈના આચાર્ય પદે લઘુરૂદ્ર કરવામાં આવ્યો હતો. બાદમાં શિવ શકિત હોલમાં સ્વ. ધ્રુમનબાળાબેન કૃષ્ણકાંત મહેતા તથા સ્વ. રન્નાબેન બંકીમભાઈ મહેતાના સ્મરણાર્થે શ્રીમતી ડિમ્પલબેન તથા સાગરીતભાઈ મહેતાના સૌજન્યથી પ્રસાદ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ જગ્યામાં મોટી સંખ્યામાં એકત્રીત થઈને પ્રસાદનો લાભ મેળવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સંસ્થા પ્રમુખ શ્રી દધિચીભાઈ મહેતા, મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા તથા ખજાનચી શ્રી પ્રશાંતવદન વોરાએ જહેમત લઈ આયોજન સફળ બનાવ્યું હતું.

તા. ૨/૪/૨૨ના રોજ જયદીપ વિરાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ અને અ.ભા. નાગર પરિષદના સંયુકત ઉપક્રમે કલા ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતી 'સપ્તકલા સંસ્થા'ના ૬૯મા સ્થાપના દિન નિમિત્તે સુગમ સંગીતનો રંગારંગ કાર્યક્રમ યોજાય ગયો. જેમાં જ્ઞાતિના કમલેશ મહેતા, જૂઈ ભટ્ટ, મિલન મહેતા તથા ઈતર જ્ઞાતિના કલાકારોએ જગદીપ વિરાણી તથા અન્ય કવિઓની રચનાઓને સૂરિલા સ્વરમાં રજૂ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી ધીરેનભાઈ વૈશ્નવ તથા ડો. તૃપ્તિ ભટ્ટે કર્યું હતું.

અ.ભા. નાગર પરિષદના ઉપક્રમે સંસ્થા પ્રમુખ શ્રી ધીરેનભાઈ વૈશ્નવના નેતૃત્વ હેઠળ તા. ૮/૪/૨૨ ચૈત્ર સુદ સાતમના નરસિંહ મહેતાની તપપ્રયાણ જયંતીના ઉપલક્ષ્યમાં તળાજા ખાતે આવેલ ગોપનાથ મહાદેવના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. નરસિંહ મહેતાની ૫૮૪મી તપપ્રયાણ જયંતી નિમિત્તે પ્રમુખશ્રી તથા હોદેદારોએ નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી પૂજન કર્યું હતું.

મુંબઈ : શ્રીમતી મેઘા વૈષ્ણવ–અંતાણીએ તા. ૩ જૂનના રીલીઝ થનાર ગુજરાતી ફિલ્મ 'જયસુખ ઝડપાયો' ના ગીતોનું લેખન કર્યું છે. જેને સુખવિન્દરસિંહ, જાવેદ અલી, પલક મુચ્છાલ અને ભૂમિ ત્રિવેદીએ સ્વર આપ્યો છે.

જૂનાગઢ : શહેરની મધ્યમાં આવેલ વિશાળ પટાંગણ સાથેની અનંત ધર્માલય સંસ્થામાં સુવિધાથી સજ્જ ૨૦ એસી રૂમ જ્ઞાતિજનો માટે ઉપલબ્ધ છે. જે માટે સંસ્થા પ્રમુખ ડો. મુકેશભાઈ વૈશ્નવનો મો.નં. ૯૭૨૫૬ ૦૫૩૮૧ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

સગપણ : જામનગરનાં ઉમાબેન અને સ્વ. નિખિલભાઈ બુચના પુત્ર નિશાંતનું સગપણ અમદાવાદ સ્થિત જયશ્રીબેન અને જયકુમારભાઈ ભગત(વૈશ્નવ)નાં પુત્રી પ્રણામી સાથે.

## રોનક અવાશિયાએ સી.એ.ની પદવી મેળવી



રાજકોટ સ્થિત સ્વ.મુકેશભાઈ હર્ષકાન્તભાઈ અવાશિયા તથા ધ્રુતિબેન અવાશિયાના પુત્ર રોનક તાજેતરમાં લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સી.એ.ની પદવી મેળવી.અભિનંદન.

**मैं शामिल नहीं हूं उनमें**
**जो रास्ते दिखाने का**
**दम तो भरते हैं किन्तु**
**उन रास्तों पर कभी ख़ुद नहीं दिखते..!**

ગુજરાતી શબ્દકોષમાં દુઃખ પહેલાં આવે છે અને
ગુજરાતી શબ્દકોષમાં સુખ પછીથી આવે છે
દુઃખ સદા ઘોડાવેગે આવે છે અને કીડીવેગે જાય છે.
સુખ સદા કીડીવેગે આવે છે ને ઘોડાવેગે જાય છે.
છે માનવી જીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન,સુખ અલ્પ થકી ભરેલી
ઓ રે વૈશ્નવજનો,સુખ દુઃખ મનમાં ન આણીએ.
દેવો,મા–બાપ,ગુરૂના આશિષે દુઃખને ભગાડીએ.
હે સજ્જનો,સન્નારીઓ સત્કર્મોથી દુઃખોને ટાળીએ.
નીડર,દિર્ઘાયુ સંસારી થવા શ્રી ગોપાલને ભજીએ.
સુખમેં સબ સંગાથી,પર દુઃખમેં ભલા ન કોઈ,
સદા પ્રભુકો ભજનેવાલે કા,સબ દુઃખ હોય
સુખી પલોં કા સ્મરણ માત્ર દુઃખકી ઔષધિ હોય
પ્રભુ ભકિત સે શકિત મીલે,વો દુઃખકી દવા હોય.

—રચયિતા : રવિન્દ્ર હાથી,રાજકોટ

## લક્ષ્મી અને પૈસો

—પ્રભાકર ધોળકિયા,સુરત

આપણામાં એક ઊક્તિ છે કે 'ન માગે તેની રમા થાય દાસી.'એટલે કે તમે લક્ષ્મી, પૈસો મેળવવા પાછળ દોટ મૂકશો તો એ તમારાથી દૂર થતી રહેશે પણ,એના પ્રત્યે થોડો ઉદાસીન ભાવ રાખશો અને ધીરજપૂર્વક એને મેળવવા પ્રયત્ન કરશો તો તમારી પાસે આવશે.અને તમારી દાસી બનીને રહેશે.

આપણે લક્ષ્મી અને પૈસાને એક જ માનીએ છીએ.ખરેખર એમ નથી.જે આવે ધીમી ધીમી પણ તમારા તાબામાં તમારી પાસે વિવેકપૂર્ણ રીતે રહે તે લક્ષ્મી છે.લક્ષ્મી ચંચળ છે,એમ લોકો માને છે.પણ હકીકતમાં આપણું મન ચંચળ છે.જે ખર્ચી નાખવા તુરંત આતુર કે મજબુર બને છે. નિરાંત અને શાંતિ એ બે લક્ષ્મીની દીકરીઓ છે.જે ધન્યતાનો અહેસાસ કરાવે છે.લક્ષ્મી કમાવી પડે છે,જ્યારે પૈસો પેદા કરવો પડે છે.પૈસો તો ઘણા પેદા કરી શકે છે.પૈસાથી તમે સગવડ મેળવી શકો છો,સુખ નહિ.એ ક્યારેક ઝડપથી આવે છે અને તુરંત જતો પણ રહે છે.પૈસો માલામાલ કરી દે છે,અને એ જ પૈસો પાયમાલ કરવા માટેનું નિમિત્ત પણ બની શકે છે.આવું ઘણા કુટુંબમાં જોયું છે,તમે પણ જોયું હશે.તો બીજી તરફ સીધા માર્ગે પરિશ્રમ અને ધીરજથી લાંબા સમયે પ્રાપ્ત કરેલી લક્ષ્મી સુખ,સગવડ અને શાંતિ ત્રણેય આપે છે.

તંત્રી સ્થાનેથી...

## રાજકોટના શ્રી નાગર યુવક મંડળ અનુસંધાને...

વર્તમાનપત્રો કે જ્ઞાતિપત્રોએ પ્રજા—જ્ઞાતિના જાગૃત પ્રહરી તરીકે તટસ્થ રહી સાચી હકીકત,તટસ્થ અભિપ્રાયને જ્ઞાતિ સમક્ષ મૂકવાના હોય છે.પ્રજા—જ્ઞાતિને સુષુપ્તતામાંથી ઢંઢોળવાના પણ હોય છે. જેના ભાગરૂપે ઘણા મનોમંથન પછી તાજેતરમાં રાજકોટના નાગર મંડળની ચૂંટણી યોજાયા બાદ કેટલાક સવાલ ઉદ્ભવ્યા છે. કોઈ પ્રત્યે વ્યકિતગત તેજોદ્વેષ,ઈર્ષ્યા કે પૂર્વગ્રહ રહિત નિષ્પક્ષ રહી બરછીનું મંતવ્ય અને અભિપ્રાય રજૂ કરવા છે...પ્રશ્ન કે વિરોધ કોઈ વ્યકિતનો નથી,નીતિરીતિનો અને ખોટી પ્રણાલીનો છે, અવિશ્વાસનો નહિ જ્ઞાતિને વિશ્વાસમાં લેવાનો,આપખુદશાહી કે થઈ રહેલા વિભાજનનો છે.તવારીખ જાણીએ..

રાજકોટની જૂનામાં જૂની સંસ્થા શ્રી નાગર યુવક મંડળ આજે કાર્યરત હોત તો ૭૧ વર્ષ થયાં હોત. ૨૦૦૧ની સાલમાં ૫૦ વર્ષ નિમિત્તે સમૂહ નવરાત્રિ સ્થાપન બાદ સંસ્થાની કાર્યવાહી સંપૂર્ણ સ્થગિત થઈ ગઈ. છેલ્લા આ ૨૧ વર્ષ દરમ્યાન ઘણા પ્રયત્નો છતાં ઈચ્છાશકિતના અભાવે જૂના હિસાબો પૂરા ન થયા કે કરવામાં ન આવ્યા, તેમાં કેટલીએ વ્યકિત વ્યકિત વચ્ચેના અહંના ટકરાવ,દાવપેચ સાથે પ્રતિષ્ઠાનો મુદ્દો બનતાં જૂથવાદ શરૂ થયો અને સંસ્થા મૃતપ્રાય બની રહી,નુકસાન જ્ઞાતિને થયું.

થોડા મહિનાઓ પહેલાં નાગર મંડળને સજીવન કરવા, અગાઉના કારોબારી સભ્યો, આજીવન સભ્યો દ્વારા સામુહિક પ્રયત્ન કરી,અસાધારણ સભા બોલાવવામાં આવી,જેમાં એડહોક કમિટિનું ગઠન થયું,બે ટ્રસ્ટીઓ નિમાયા.અગાઉના બંધારણ મુજબ ચૂંટણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.જેને સૌએ વધાવ્યો.જેની બરછીમાં પણ સહર્ષ નોંધ લીધી,પરંતુ તેને અવગણી અન્ય જૂથ દ્વારા સાંજ સમાચાર જેવાં દૈનિકમાં જાહેરાત આપી,ટૂંકો સમય આપી, ચૂંટણી—ચૂટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો.આવું શા માટે કરવામાં આવ્યું તે પણ એક રહસ્યમય પ્રશ્ન તો છે. તેના કે અન્ય વાદવિવાદમાં નથી પડવું પરંતુ ૫૦ વર્ષમાં જ્ઞાતિના કેટલાય વડીલોએ નિઃસ્વાર્થ સેવાની ભેખ ધરી ઉભી કરેલી શાખ અને તે દ્વારા માતબર (હાલ સ્થગિત) ભંડોળ ઊભું કરેલ આપણી માતૃ સંસ્થાની કાર્યવાહી લાંબા સમયથી બંધ હતી ત્યારે આટલા મુદ્દાઓને ધ્યાનમાં લેવાની જરૂર હતી..(૧) એડહોક સમિતિને વિશ્વાસમાં લેવાની જરૂર હતી.(૨) સાંધ્ય દૈનિકને બદલે 'જ્ઞાતિપત્ર બરછી' તેમજ સોશ્યલ મીડિયાના માધ્યમથી વધુમાં વધુ જ્ઞાતિજનોને જાણકારી પહોંચાડી,પારદર્શિતા સાથે ચૂટણી કરવાની જરૂર હતી.(૩) થોડો વધારે સમય લઈને બરછી કે જ્ઞાતિની અન્ય વેબસાઈટ ઉપર ૫૦૦ જેટલા હયાત આજીવન સભ્યોનું લીસ્ટ મૂકી વધુમાં વધુ સભ્યો સુધી પહોંચી ચૂટણી કરવાની જરૂર હતી. (૪) જ્ઞાતિ સંસ્થામાં સારા કાર્યો,કાર્યક્રમો આપવા સાથે વિશ્વસનિયતા, સૌને સાથે લઈને ચાલવાની ભાવના, સંવાદિતતા, નવા તેમજ યુવા કાર્યકરોને તક આપવાનો દ્રષ્ટિકોણ હોવો પણ જરૂરી છે. (૫) તમે—આપણે ઘણી ચૂંટણી જોઈ છે દેશની ચૂંટણી કરતાં પણ જ્ઞાતિસંસ્થાઓની ચૂટણી સમયના મેળાવડાનો માહોલ અનેરો જ હોય છે,જાણે ઉત્સવ.જ્ઞાતિ સંસ્થાની ચૂંટણી આપણા સંતાનો માટે ચૂંટણી પ્રચાર—પ્રક્રિયા, મતદાન,મત ગણતરી વગેરે શીખવા— શીખવવાની પાઠશાળા છે.૨૧ વર્ષ પછી ચૂંટણી થતી હોઈ જ્ઞાતિનો મોટો વર્ગ આ ઉત્સવ, મેળાવડામાં સહભાગી થવાથી અને મતદાન અને કેળવણીથી વંચિત રહયો! ખેર! મિત્રો, સૌ પ્રતિભાશાળી છો,વિચારશીલ છો,સંસ્કારી છો, પરસ્પર શુભેચ્છકો જ છીએ ત્યારે આત્મમંથન કરી યોગ્ય જણાય તો જવાબ આપશો તો જ્ઞાતિ સાચી હકીકતથી માહિતગાર થશે.મને ખોટા પડવાની ખુશી થશે.—વિ.શાં.ધો.

સદી બદલાણી,શબ્દો બદલાયા,રિવાજો બદલાયા અને જૂની પેઢી માટે આ શબ્દો પણ બદલાયા જે આ પેઢી માટે નવા છે અને જાણવા જેવા છે.—જયંત હાથી,વડોદરા.

વજન :

ટન,મણ,શેર,

નવટાંક,અધોળ,માપ,

વાર,ફૂટ,ઈંચ.

નાણું :

કોડી—૨૦ પૈસા,

પાઈ—૩ પાઈ/૧ પૈસો,

અધેલો—૨ અધેલા/૧ પૈસો

પૈસો —૪ પૈસા/૧ આનો,

આનો—૪ પૈસા,

ચાર આના—પાવલી,

આઠ આના—અડધો રૂપિયો,

સોળ આના—એક રૂપિયો.

ભુલાઈ ગયેલી રમતો :

સાત તાળી

સંતાકૂકડી

ખોખો

હુતુતુ (કબ્બડી)

મારદડી

સતોડીયું

લટ્ટી(લખોટી)

થપ્પો

મોઇદાંડીયા(ગીલીદંડા)

ગેડીદડો

પગથિયાં

અન્ય શબ્દો :

મચ્છણ—જમીને હાથ ધોવા

ભળભાંખડું—વહેલી સવાર

ગોળ પાપડી—સુખડી

અપોસણ—જમતા પહેલા

થાળી આગળ મૂકાતા ભાત

પૂગવું—પહોંચવું

વાસણ—ઠામ

મગફળી—માંડવી

બારણુ—કમાડ

માટલું—ગોળો

વાસણોના નામ :

કળશીયો—લોટો

ગંજીયું—વાટકો

અડાળી—રકાબી

હાથલો—ભાતીયું

ટબૂડી—નાની લોટી

ખમણી—છીણી

ખારણી દસ્તો—ખલપારો

ચૂકણુ—ઉપસેલી રોટલી — ઉપાડવાનું સાધન

ગોળા ઢાકણું—બુઝારું

બાકસ—મેચ બોક્સ

ગમછો—નેપકીન

પંચિયું—નાનું ધોતિયું

અબોટીયું—પિતાંબર

નવેણિયું—અબોટ નૈવેદ્ય રાંધતી વખતે પહેરવાનો સાડલો.

---

**અનંતના યાત્રીઓને શ્રધ્ધાંજલી :**

પાર્થ હિમાંશુભાઈ છાયા,સરયુબેન તુષારભાઈ બુચ—૭૩ વર્ષ, ગં.સ્વ.મૃદુલાબેન મહેશકુમાર વૈદ્ય—૮૯ વર્ષ—વડોદરા,

દિનેશ પ્રહલાદરાય માંકડ,વીણાબેન અનીલભાઈ મંકોડી,પ્રદ્યુમ્નભાઈ લાલશંકર બક્ષી—૮૪ વર્ષ—કિરીટભાઈ ધનસુખલાલ વસાવડા—રાજકોટ.

શશીકાન્તભાઈ પાઠક—જૂનાગઢ,

પ્રફુલ્લચંદ્ર માનશંકર રાણા—૮૮ વર્ષ,ચૈતન્ય જગદીશચંદ્ર અંતાણી—૫૨ વર્ષ—ભુજ,

રાજકોટનાં પ્રિયબાળા(પલ્લવી)બેન જનાર્દનભાઈ મારૂ—પૂના. સતીષભાઈ દીનસુખરાય વસાવડા—૭૮ વર્ષ—વાપી.મહેશભાઈ મોહનલાલ વોરા—૬૩ વર્ષ—અમદાવાદ.

# કુંવરબાઈના મામેરાના સંબંધમાં કેટલીક વિશિષ્ટ વાતો

—પિનાકી સૂર્યશંકર શુક્લ,રાજકોટ. મો. ૯૪૦૯૫૨૯૩૬૮

મનુષ્ય જીવનની જુદા જુદા ક્ષેત્રોની અનેક વિશિષ્ટતાઓ હોય છે. તેમાં આપણી નાગર જ્ઞાતિના ઉચ્ચ નીતિમય અને આધ્યાત્મિક મૂલ્યો નજર સમક્ષ ખડા થાય છે.અને કેમ ન થાય! નાગર એટલે સુંદર,સુશીલ સંસ્કારધન અને સુજન નાગર સંસ્કૃતિના ઉચ્ચ મૌલિક તત્વો અનેક ક્ષેત્રમાં જોવા મળે છે. તેમાં ભક્ત કવિ નરસિંહ મહેતાના આધ્યાત્મિક ક્ષેત્રની સિદ્ધિ જગપ્રસિધ્ધ છે.નરસિંહ મહેતા આપણું અમુલું આભૂષણ છે. શૈવ વેદાન્તના મર્મના જ્ઞાતા નરસિંહ સ્વભાવે ઉર્મિલ હ્રદયના હતા.તેમની ઘણી વાતો ખાસ તો ભગવાને ઘણા પ્રસંગો પાર પાડયા તે બાબતે જ્ઞાતિજનો સુપેરે જ્ઞાત છે.કુંવરબાઈના મામેરાની વાત કરીએ તે પહેલાં આ સંસારી સંતની વિશિષ્ટતા એ છે કે તેમના સાંસારિક વ્યાવહારીક પ્રસંગો તેના આરાધ્ય દેવ નારાયણે જે ઉકેલ્યા છે,પાર પાડયા છે તેવા બીજા કોઈ સાધુ સંતના આટલા કામો કર્યા હોય તેવું જાણ્યું નથી...આ પ્રસંગો વિશે માંગરોળ ભક્ત શિરોમણી અને કુશળ વહીવટકર્તા અનંતપ્રસાદભાઇ વૈષ્ણવ કે જેઓ પરબત મહેતાની ચૌદમી પેઢીએ થઈ ગયા તેઓએ નીચેના શબ્દોમાં વર્ણન કર્યું છે...

હાર હુંડી ને મોસાળું વિવાહ વળી શ્રાધ્ધ,નરસિંહ મહેતાને કૃપા કરી શ્રી દીનાનાથ.

નરસિંહ મહેતાએ તેની પુત્રી કુંવરબાઈને ઉનાના મદન મહેતાના પુત્ર સાથે પરણાવી હતી. નરસિંહ મહેતા અને મદન મહેતા બંને સંપતિવાન હતા.ફેર એટલો હતો કે નરસિંહ મહેતા ભક્તિભાવથી સમૃદ્ધ હતા,તો મદન મહેતા ભૌતિક સંપત્તિ ધરાવતા ધનવાન હતા.નરસિંહ મહેતા રાંક હતા અને લક્ષ્મીપતિના દાસ હતા જ્યારે મદન મહેતા લક્ષ્મીના દાસ હતા.બંને પોતપોતાની રીતે ખ્યાત હતા.નરસિંહ મહેતાને લોકો વક્ર દ્રષ્ટિથી જોતા અને દંભી ગણતા.ધન સંપત્તિને કારણે ધન સંપત્તિને કારણે મદન મહેતાની ગામમાં ખ્યાતિ હતી. રાય અને રંક કુટુંબનું આ રીતે મિલન હતું.રંક પિતાની પુત્રી સંસ્કારી હોવા છતાં સાસરિયામાં કુંવરબાઈનું માન ન હતું,એટલું જ નહિ પણ કુંવરબાઈને મેણાટોણા પણ સાંભળવા પડતાં હતાં. અનંતપ્રસાદભાઈ તેના આખ્યાનમાં વર્ણવે છે—

સાસુ શુળી સમી શ્રીનો તોર,જેઠાણીને પિયરમાંનું જોર,
લાડકી નણદી છણછણતી,સસરાજીની ગામમાં ગણતી
વરકુંવરબાઈનો શરમાળ,
બાળ માવડીયો નીરભાવી લાગ આવે સાસરીયા ન મૂકે મ્હેણા
મારે વાંકુ બોલી મોઢે.
કુંવરબાઈ કેની કને બોલે,છાના નીર નયનોથી ઢોળે.




કુંવરબાઈના સીમંતનો પ્રસંગ આવ્યો ત્યારે, અનંતપ્રસાદભાઈ આગળ કહે છે—

મદમાતીને કઠણ છાતીની વદી સાસુ વઢીયારી, મરી છૂટી બાયડી બાપની ભુપતિની નારી,
ભાઈ મુઓ અધવચ્ચે આશામાં, રાંક છૂટી બની બાવી, જેઠાણી વસમી વદી,
મુઆ જીવ્યાની ક્યાં ભાળ છે, પુત્રી છે પરદેશે કો'દી કશીએ સંભાળ લે?

આ પરિસ્થિતિ વચ્ચે કુંવરબાઈ સાસુને કહે છે :
મારા પિયરે પત્ર સાથે ગોર મોકલી પિયરમાં જાણ કરો ત્યારે સાસુ જવાબ આપે છે –
આ મરી જતાં પિયર ગયું પોઢી રે,
ભગત તાત, તાલ હાથ ભીખીને પોરોગાત ઘરમાં નવ ડોકી રે,
વગરમતીનો આવશે કદાપિ રે, નાચે ગાય, ભૂંડી કાય,
આબરૂ અમારી જાય ખરચ ખાલી આપી રે.

આ પરથી ખ્યાલ આવે છે કે કુંવરબાઈની સાસરામાં શી દશા હશે !

ખરેખર જગતપિતા જ્યારે મામેરૂં કરવા, લક્ષ્મીજી સાથે સ્વયં પધારે છે ત્યારે પ્રેમાનંદની રચના કહે છે–




વેવાણ કમળાને પૂછે મહેતા સાથે સગપણ શું છે ?
ત્યારે કમળા(લક્ષ્મીજી)જવાબ આપે છે...તે અદ્‌ભૂત છે..
વેવાણ તમે એ શું ન જાણીયા તમે બામણ ને અમે વાણીયા,
વેપાર દોશીતનો ઘેર છે કોઠી ઓથ, અમારે ઓથ નરસિંહની મોટી.
અમે ધન મ્હેતાજીનું લીજે, તમ વેપાર કાપડનો કીજે.

આમાં ભક્ત કોણ અને ભગવાન કોણ?

તે જમાનામાં પણ સાંસારિક જીવન પ્રદૂષિત હતું. સમાજમાં રાગ દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈનો વ્યાપ હતો. જે નરસિંહ મહેતાની ભક્તિમાં રોડા નાખતા હતા, પરંતુ તેની ભકિતની પરાકાષ્ટાએ તેનું રક્ષણ કર્યુ અને જગતને ભકિત દ્વારા આવા દૂષણોનો સામનો કરવાનો આદર્શ આપ્યો.

ક્યાં કુંવરબાઈના લગ્નનો અને સાસરિયાનો સમય અને ક્યાં આજનો સમય?

આજે આપણી જ્ઞાતિની સાસુ–વહુ ખાનદાનીનું ઘરેણુ સાચવીને બેઠાં છે ને સુખી સંસાર વહન કરે છે.

---

<u>લગ્ન વિષયક જાહેરાત :</u> (૧) બી.કોમ, સી.એસ.(ફાઉન્ડેશન) જ.૮/૧૯૯૬, ઉ.૬', ભુજ ખાતે HDFC બેંક (હોમ લોન ડીપા.) માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૦૮૦૫૧૨૧૦ (૨) એમબીએ.(ફાયનાન્સ) ૨૮ વર્ષના હળવો મંગળ ધરાવતા, ક્રેડિટ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૮૨૫૪૯૮૭૭૫ (૩) બી.કોમ., માસ્ટર ઓફ જર્નાલિઝમ, જ.૧/૧૯૯૪, ઉ.૫'.૫", પાંચ વર્ષથી ઈલેકટ્રોનિક્સ મીડિયામાં કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૯૭૨૩૪૯૨૨૫૦ (૪) ICWA, CIMA જ.૧૧/૧૯૮૭, ઉ. ૫'.૧૧" વડોદરા ખાતે એબીબી લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૩૨૮૨૯૨૨૨૩

## બીટવીન ધી લાઈન્સ

–મનહરભાઈ જે. વૈશ્નવ,રાજકોટ.મો. ૯૮૨૫૨૮૦૧૪૭

આપણે જ્યારે જ્યારે કોઈ શાસ્ત્ર,તત્વજ્ઞાન,મનોવૈજ્ઞાનિક કે ચિંતનાત્મક લેખો અથવા ધાર્મિક ગ્રંથો વાંચીએ છીએ ત્યારે માત્ર તેના શબ્દાર્થનો અભ્યાસ કરીએ છીએ.અને તે રીતે તેનું મૂલ્યાંકન કરીએ છીએ. પરિણામે તેમાં રહેલા ગુઢાર્થ સુધી પહોંચી શકતા નથી.ગુઢાર્થ સુધી પહોંચવા હંમેશા 'બીટવીન ધી લાઈન્સ'એટલે કે બે વાકયોની વચ્ચેની ખાલી જગ્યામાં એટલે કે અવકાશમાં શું છુપાયું છે તેનું મહત્વ સમજાય તો એ વાંચનનો અલૌકિક આનંદ આવે.જેમ દૂધમાં કે ફળોમાં વિટામીન છે,કેલ્સિયમ છે વગેરે જાણીએ છીએ પરંતુ આપણે જે આરોગીએ છીએ તે તો દૂધ અને ફળો જ છે જે ભૌતિક સ્વરૂપ છે,જ્યારે તેની રાસાયણિક પ્રક્રીયા તો આંતરિક છે.તો આપણે થોડા 'બીટવીન ધી લાઈન્સ'ના દાખલા જોઈએ.આપણા શાસ્ત્રોકત વક્તાઓમાં પૂ.મોરારીબાપુ એક સમર્થ વકતા છે.જે 'બીટવીન ધી લાઈન્સ'ની બાબતોને બહુજ સાહજીક રીતે રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે.

આપણે થોડા દાખલા જોઈએ તે પહેલાં એક ગુરૂ શિષ્યની વાત કરીએ...

એક શિષ્યએ ખૂબ લાંબી શિક્ષા બાદ ગુરૂ પાસે સ્વતંત્ર દીક્ષા માગી ત્યારે ગુરૂએ ચકાસણી કરવા પૂછયું કે તે બધા શાસ્ત્રનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે? શિષ્ય કહે આપ કોઈપણ વિષય ઉપર પ્રશ્ન પૂછી મારી કસોટી કરી શકો છો.ગુરૂએ એક પુસ્તક સામે ધર્યું અને પૂછયું"આ પુસ્તકનો અભ્યાસ કરેલ છે?" શિષ્યએ કહયું"અરે આ પુસ્તકના તો પાનેપાના મોઢે છે."ગુરૂએ પૂછયું" તો કહે પાના નં. ૧૧ અને ૧૨ની વચ્ચે શું લખેલ છે? તું ધારે તો પુસ્તક ખોલીને પણ જવાબ આપી શકે છે."શિષ્યએ તો પુસ્તક લઈને પાના નંબર ૧૧ જોયું તો પાના નં ૧૨ તેની પાછળ જ હતું.પાના નં.૧૧ અને ૧૨ની વચ્ચે તો પાનું હોય જ નહિં.શિષ્ય મૂંઝાયો"ગુરૂજી પાના નં.૧૧ અને ૧૨ની એક જ પાનાની બે બાજુ છે તેની વચ્ચે કોઈ પાનું કેવી રીતે હોઈ શકે?" ગુરૂએ હસતાં હસતાં કહયું,"બેટા,ખરી હકીકત એ છે કે આ બે પાનાની વચ્ચેના છુપા પાનામાં કશું તત્વાર્થ રહેલું છે તે શોધી કાઢો ત્યારે તેનો પૂર્ણ અભ્યાસ કહેવાય."

સર્વપ્રથમ આપણે આપણા લોકપ્રિય ગ્રંથ રામાયણને અભ્યાસપૂર્ણ ગણી તેમાંથી આવા 'બીટવીન ધી લાઈન્સ'ના દાખલા જોઈએ...મંથરા રામાયણનું એક એવું પાત્ર છે જાણે તેનું ઘડતર એક નફરતનું સર્જન કરવા માટે જ સર્જાયું હોય,જેમાં સમગ્ર રામાયણ જ નહિં પરંતુ શ્રીરામના સંપૂર્ણ ચરિત્રને ઉભાર આપવાનું શ્રેય આ પાત્રને જ જાય છે.માત્ર એક જ ક્ષણમાં સમગ્ર ભાગ્યનો પલટો કરવા માટેના બે વચનો મહારાજ શ્રી દશરથ પાસેથી માંગી લેવા જે રીતે તે મહારાણી કૈકેયીને ઉશ્કેરે છે તે રામાયણનું મહત્વનું પાનું–ઉપર કહયું તેમ દાખલા સ્વરૂપે ૧૧ અને ૧૨મુ પાનું છે.હવે જોઈએ આ ૧૧ અને ૧૨મા પાનાની વચ્ચેનો તત્વાર્થ.કૈકેયીને બે વચન માગવા માટે તૈયાર કરનાર મંથરાની ખૂબ જ વિચક્ષણના આ જગ્યાએ જોવા મળે છે.મંથરા રામનો ખૂબ આદર કરતી હતી.તેની પણ પરમ ઈચ્છા હતી કે શ્રીરામ અયોધ્યાપતિ

બને પરંતુ અત્યારના સંજોગોમાં મહારાજ દશરથ રામને જયેષ્ઠ પુત્રના નાતે રાજગાદી સુપ્રત કરવા માટેના નિર્ણય ઉપર હતા.મંથરા ઈચ્છતી હતી કે રામ માત્ર જયેષ્ઠતાના કારણે નહિ પરંતુ શ્રેષ્ઠતાના ધોરણે પૂરવાર થઈને રામ બને.રામ માટે જયેષ્ઠતા પૂરતી નથી.તેના શ્રેષ્ઠ ગુણો બહાર આવે તેવી કોઈ કસોટી થાય તે જરૂરી છે અને રામની શ્રેષ્ઠતા પૂરવાર કરવા મંથરાએ બહુ જ વિચારપૂર્ણ બે વચનો માગી, રામને વનવાસ અને સાથોસાથ જો રામ તેની શ્રેષ્ઠતા પૂરવાર કરવામાં નિષ્ફળ જાય તો ભરતની કુશળતાનું પણ માપ નીકળી શકે તે માટે તેને રાજગાદી મળે તેવી યોજના કરી.રામાયણના બે અદ્‌ભુત પાત્રોની જે શ્રેષ્ઠતા જોવા મળી તે મંથરાના પાના ૧૧ અને ૧૨ વચ્ચેના વૈચારિક તત્વાર્થને આભારી છે.

રામાયણનો બીજો પણ એવો પ્રસંગ છે જેમાં બે લાઈન વચ્ચેનો તત્વાર્થની અનુભૂતિ થાય છે.શ્રીરામે લંકા ઉપર આક્રમણ કર્યા પહેલાં સમુદ્રતટ ઉપર રામેશ્વર ભગવાનની સ્થાપના કરી.હવે તેના સ્થાપન માટે બ્રાહ્મણની જરૂરિયાત હતી ત્યારે તે વિસ્તારમાં વિદ્વાન બ્રાહ્મણ તરીકે રાવણની જ ગણતરી થતી,તેથી શ્રીરામે તેમને આમંત્રણ આપ્યું.શિવના પરમ ભકત રામવણે આ નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી,સ્થાપન વિધિ કરાવી,રામને ''વિજયભવેત્'ના આશીર્વાદ આપ્યા.હવે રાવણને પૂરી ખાત્રી હતી કે એક બ્રાહ્મણ તરીકે મે આપેલ આશિષ ખોટા પડે જ નહિ,તો રામના વિજય સાથે લંકામાં તેના કુળનું અસ્તિત્વ જ પૂરૂં થઈ જાય.તેમણે વિચાર્યું કે તેના કુળમાં વિભિષણ પૂર્ણરૂપે રામનો ભકત છે. ગમે તેમ કરી વિભિષણ રામના પક્ષે પહોંચી જાય તો રામ ચોકકસ લંકા વિજય બાદ,વિભિષણની ભકિત તથા શરણાગતિથી પ્રભાવિત થઈ તેને લંકાનું સુકાન જરૂર સોંપે.બસ આ આશયથી પોતાના અપ્રતિમ ભ્રાતૃભાવને મનમાં રાખી,બાહય રીતે વિભિષણને કઠોર વચનો કહી,લંકામાંથી દૂર કર્યો.પરિણામ વિભિષણ સીધો રામના શરણમાં જઈ લંકાની જે ગતિવિધિ હતી અને જે શ્રીરામ જાણતા જ હતા તેને પોતાની શરણાગતિની પૂર્ણતા માટે જાહેર કરી,વિશ્વાસ સંપાદન કર્યો.આ થઈ રાવણની વિચક્ષણતાની પાના ૧૧–૧૨ વચ્ચેની વૈચારિક તત્વર્થતા.

આધુનિક ગાંધી યુગની વાત જોઈએ તો,મોહન માંથી મહાત્મા થવાનું શ્રેય કેવી રીતે સાર્થક થયું? દક્ષિણ આફ્રીકામાં એક સામાન્ય વકીલ તરીકે સ્વાભિમાનને મહત્વ આપતા.એક મોહનદાસ ગાંધી.જ્યારે નાતાલના મેરીત્સબર્ગ સ્ટેશને એક ગોરા ટીકીટ કલેકટર સાથે પ્રથમ વર્ગના કોચમાં મુસાફરી કરવા બાબતે સંઘર્ષમાં ઉતરે છે,અને છેવટે પેલા ગોરા ટીટીએ લાત મારી મોહનદાસને મેરીત્સબર્ગના પ્લેટફોર્મ ઉપર પછાઠી દીધા.એ ટીટીની લાતમાંથી એક એવી વ્યકિતનો ઉદય થયો,જેને સમગ્ર વિશ્વએ મહાત્મા અને તે પણ મુત્સદી મહાત્મા તરીકે સ્વીકાર કર્યો.અને વિશ્વને એક અવતારી કહી શકાય તેવા મહાત્મા ગાંધીનો જન્મ થયો.આ થઈ મેરીત્સબર્ગની એક નાનકડા બનાવની પાના ૧૧–૧૨ વચ્ચેની તત્વાર્થતા.

બહુજ રમૂજી શબ્દોમાં કહીએ તો બદામ ખાવાથી બુદ્ધિ નથી આવતી,તે ઠોકર ખાવાથી જાગૃત થઈ જાય છે.એક ઠોકર હંમેશા જીવન પરિવર્તન કરી દે છે, તે છે..'બીટવીન ધી લાઈન્સ'

## માનસિક શાંતિના સચોટ ઉપાયો :

(૧) પારકી પંચાત કરવી નહિ.(૨) કડવા ઘૂંટડા ગળી જવા.(૩) ઈશ્વરના કાર્યની ટીકા કરવી નહિ. (૪) બીજાની ઈર્ષ્યા કરવી નહિ.(૫) મનને નવરૂં પાડવું નહિ.(૬) નિઃસ્વાર્થ સેવા કરવી.(૭) દેખાદેખીથી દૂર રહેવું.(૮) કરવા યોગ્ય કામ કરવાં.(૯) દલીલબાજીથી દૂર રહેવું.(૧૦) વર્તમાનમાં જ જીવવું.(૧૧) સ્થિતપ્રજ્ઞ રહેવું.(૧૨) જીવનના દુઃખોને પ્રભુની પ્રસાદી માની સ્વીકારી લેવાં.(૧૩) સર્વમાં ઈશ્વર દર્શન કરવું.(૧૪) પારકી આશ સદા નિરાશ. (૧૫) માગ્યા વિના સલાહ આપવા દોડી ન જવું. (૧૬) ધર્મ શાસ્ત્રના આદેશ અનુસાર જીવન જીવવું.

## આજનો પ્રભાવ :

મહાભારતનું યુધ્ધ સમાપ્ત થયું અને ધર્મરાજ યુધિષ્ઠિરને સમ્રાટનું પદ મળેલ. શ્રી કૃષ્ણ ભગવાનની સંમતિથી બધાજ ભાઈઓ રાણી દ્રૌપદી સહિત યુધ્ધ ભૂમિ પર ગયા અને શય્યા પર સૂતેલા મહારાજા ભિષ્મ પિતામહ પાસે ગયા અને રાજ ધર્મ વિશે યુધિષ્ઠિર મહારાજે સલાહ માગી.યુધિષ્ઠિરના પ્રશ્નથી પિતામહે તેઓને વર્ણ,આશ્રમ,રાજા–પ્રજા માટે ધર્મનો ઉપદેશ આપતા હતા,ત્યારે દ્રૌપદીને ખૂબજ હસવું આવ્યું. આ જોઈને પિતામહ અટકી ગયા અને પૂછયું કે બેટી તું શા માટે હસે છે? દ્રૌપદીએ જણાવ્યું કે મારી ભૂલ થઈ ગઈ મને ક્ષમા કરો.પિતામહને સંતોષ ન થયો અને કહયું કે બેટી કોઈપણ શિલવતી કુલવધૂ ગુરૂજન પાસે અકારણ હસે નહિ, માટે સંકોચ છોડીને હસવાનું કારણ જણાવ.દ્રૌપદીએ હાથ જોડીને સ્પષ્ટતા કરી કે મારી વાત અભદ્ર લાગશે.કારણ કે તમારો ધર્મોપદેશ મારી સમજમાં નથી આવતો.આપ જે ઉત્તમ ધર્મની વાત કરો છો તે વાત જ્યારે મારૂં કૌરવોની સભામાં વસ્ત્રાહરણ થયું ત્યારે યાદ કેમ ન આવી.તમારૂં ધર્મ જ્ઞાન ક્યાં હતું.ત્યારે તમે મૌન રહયા અને આજે ધર્મોપદેશની વાત કરો છો..આથી મને હસવું આવ્યું,ક્ષમા કરજો.પિતામહે શાંતિપૂર્વક દ્રૌપદીની વાત સાંભળી અને સમજાવ્યું કે બેટી મને ધર્મજ્ઞાન હતું જ પરંતુ દુર્યોધનનું અનીતિનું દૂષિત ભોજન ગ્રહણ કરવાથી મારી બુદ્રિ પણ મલિન થઈ ગયેલ માટે ધર્મનું નિરૂપણ કરવામાં હું અસમર્થ હતો.પરંતુ હવે અર્જુનના બાણ વાગવાથી મારા શરીરનું દૂષિત લોહી નષ્ટ થવાથી મારી બુધ્ધિ હવે શુધ્ધ થઈ છે અને ધર્મનું તત્વ બરાબર સમજાય છે માટે વિવેચન કરેલ. આ પ્રમાણે દૂષિત અન્નનો પ્રભાવ કે સંગ બુધ્ધિ ભ્રષ્ટ કરી શકે છે.

તેથી જ કહેવત છે કે'અન્ન તેવો ઓડકાર'..

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.



## અસ્તિત્વ એજ રૂપ જૂજવાં...

–જસમીન દેસાઈ,રાજકોટ.

ઈશ્વરનું અસ્તિત્વ એજ છે પરંતુ તેના રૂપ અનેક છે..એવું આ જગતમાં ઘણી બાબતોમાં અસ્તિત્વ એજ હોય છે તેનું રૂપ બદલાતાં જોવા મળે છે. સૂર્ય ઊગે અને આથમે ત્યાર સુધી તેના રૂપો બદલાતા રહે છે.સૌમ્ય મનોભાવક પ્રભાતમાં બપોરે ધોમધખતો અગ્નિ જેવો લાગે.આથમતા મનોરમ્ય શાંત ભાસે.પરંતુ સૂર્યનું અસ્તિત્વ તે જ છે.ચંદ્ર બીજનો લાગે–પૂનમનો લાગે પરંતુ ચંદ્રનું અસ્તિત્વ તે જ છે.આથી જ તો નરસિંહ મહેતાએ લખ્યું કે'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,ઝુજવે રૂપે અનંત ભાસે.'આમ પરંતુ હરિનું અસ્તિત્વ તો તે જ છે.વળી ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં,અંતે તો હેમનું હેમ જ હોયે'એટલે કે સુવર્ણ માંથી અનેક ઘાટ ઘડેલા આભુષણો તૈયાર થાય પરંતુ તેમાં મૂળ હેમ એટલે કે સુવર્ણનું અસ્તિત્વ તેમાં સમાયેલ છે.વળી એ કહે છે કે,"બીજમાં વૃક્ષ તું–વૃક્ષમાં બીજ તું."સાદી સીધી વાત કરીએ તો દૂધમાંથી દહી,દહીંમાંથી છાસ અને છેલ્લે માખણ–ઘી.પરંતુ દૂધનું અસ્તિત્વ તો તે જ છે.માટીના વાસણોમાં માટી તો છે જ તેનું અસ્તિત્વ નાશ પામતું નથી.સમગ્ર સર્જનક્રિયામાં અનેક સ્વરૂપોમાં માનવ સહિત જીવો ઉત્પન્ન થયા પરંતુ સર્વે જીવને આત્મા તો છે જ.જે થકી જ જીવાત્મા થયા.આ બાબતને શ્રીમદ્ ભાગવતમાં 'નાસતો વિદ્યતે ભાવો'તરીકે સમજાવવામાં આવી છે.આમ,ઈશ્વર દેખાય નહિ,સુવર્ણ દેખાય નહિ,દૂધ દેખાય નહિ માટીના વાસણોમાં માટી તો છે જ આમ સર્જન–વિસર્જનમાં તેનું અસ્તિત્વ નાશ પામતું નથી. આવી બાબતોને તત્વચિંતકો,શાસ્ત્રના અભ્યાસીઓ સત્કાર્યવાદ તરીકે વર્ણવે છે.

માનવી પૃથ્વી ઉપર આવ્યો–પ્રગતિ કરી,અનેક વિચારધારાઓ રચી..શાસ્ત્રો રચ્યાં,સિધ્ધાંતો રચ્યા.આમ ઘણુ થયું અને થતું રહેશે.પરિવર્તનો થયાં.પૂજા આરાધના પ્રણાલીઓથી ઉપાસના થઈ,સંપ્રદાયો રચાયા.ધર્મો રચાયા.વિવિધ સાધનો બન્યાં.તે કરનાર માનવ તો એ જ છે.એનું એજ અસ્તિત્વ ધરાવે છે. મહાભારતનું યુધ્ધ થયું તે પહેલાથી જ વિજય પરાજય નકકી હતો.આપણા સુખ–દુઃખ ભવસંસારના સર્જન પૂર્વે છેવટ અન્ય રીતે પણ અસ્તિત્વ ધરાવતા હતાં.આ જન્મ આપણે જે સ્વરૂપે હોઈએ તો ભલે હોઈએ,પરંતુ પૂર્વ જન્મમાં પરંતુ આપણુ અસ્તિત્વ તો હતું જ.

મૂર્તિ બની,ઈમારત બની,ઈંટ બની ભલ જે તે કુશળ લોકોએ કરી પરંતુ તેમાં પથ્થર મૂર્તિ તો મૂળ સ્વરૂપે જ હતાં.તત્વજ્ઞાનની કારણ વ્યાપાર પૂર્વે વિદ્યમાન છે.કર્તાઓના–નિમિત્ત કારણોમાં તફાવત છે. માનવ માત્રની ક્રિયાશીલતામાં,કર્મશીલતામાં,સર્જનપ્રક્રિયામાં દ્રષ્ટિનો ફર્ક પડી જાય તો પરિણામમાં ફર્ક આવે છતાં તેમામાં રહેલ અસ્તિત્વ તો અકબંધ છે.

આથી જ તો વિવિધ પ્રકૃતિઓ આપણને વિવિધ રીતે ભાસતી હોય,કાર્ય કરતી હોય તેવું લાગે પરંતુ પ્રકૃતિનું સર્જન અને નિયમન તો એનું એ જ રહે.આથી નરસિંહ મહેતાએ વિશેષ લખ્યું કે,"વિવિધ રચના કરી અનેક રસ લેવાને,(અનેક રૂપોની આ વાત છે.)જીવથી શિવ થયો એ જ આશાએ"વળી એમ પણ લખ્યું કે (હે ઈશ્વર) પવન તું,પાણી તું,ભૂમિ ભુદરા તું–વૃક્ષ થઈ ફુલી રહયો આકાશે(આ ઈશ્વર વિશેની જે ખુદ પ્રકૃતિ છે તે વિશે વાત છે.




બસ આપણા અસ્તિત્વનું ભવોભવ આમ જ થતું આવ્યું છે.થતું રહેશે.હકીકતે ભવબંધનમાંથી છુટા તો કોઈ મોક્ષ જ નથી.

# નાગરોનાં(ખાણી પીણી) વાનગીઓના વિચિત્ર નામોની અજીબ દાસ્તાન

—હરદેવભાઈ માંકડ—૯૪ વર્ષ—જામનગર.

(૧) સુખ પાવની—રસ મંજરી અને કૃષ્ણાવલી મતલબ ખીચડી,કઢી અને ડુંગળી,જે ખાઈને સુખ પામીએ તે 'સુખપાવની' જેમાં નર્યો રસ હોય તે 'રસમંજરી' અને કૃષ્ણને વાલી તે 'કૃષ્ણાવલી' આમ નાગરો ખીચડી કઢી ને ડુંગળીને સુખ પાવની—રસ મંજરી અને કૃષ્ણાવલી કહે.કોઈ વખત રાત્રે ખીચડી અને વઘારેલી છાસ હોય તો નાગરો કહેશે..આજે અમે સુખપાવની અને ખાટિયું ખાધાં.

(૨) હલવો : નાગર ગૃહસ્થને ત્યાં સમી સાંજે બીજી જ્ઞાતિના સંબંધી આવ્યા હોય ત્યારે નાગરાણી પતિને પૂછે, 'રાત્રે રસોઈમાં શું બનાવું?'એટલે નાગરપતિ નાગરાણીને કહે કે હલવો બનાવી નાખો.આવેલ ભાઈ નો નવાઈ પામે કે રાતે હલવો? તે ભાઈ જાય એટલે નાગરપતિ ફોડ પાડે કે 'સવારના વધેલા ભાત અને દાળ બંને ભેગાં કરી ચુલા ઉપર ગરમ કરવા મૂકી ચમચાથી 'હલવો' એટલે કે હલાવી નાખો!

(૩) બિલ્સાર : જમવા વખતે જો અચાનક કોઈ મહેમાન આવી ચડે તો નાગર ગૃહસ્થ નાગરાણીને કહે 'બિલ્સાર'બનાવી નાખો. બિલ્સાર એટલે કેળાંના નાના ટૂકડા કરી તેને ખાંડની ચાસણીમાં એલચી નાખી બનતી વાનગી.અગાઉ ભજીયા,ફુલવડા સાથે ખાસ બિલ્સાર બનતો.

(૪) પ્રમોદી : અગાઉ બાળકોને સવારના નાસ્તામાં વઘારેલા મમરા અને સીંગ—દાળીયા આપવામાં આવતાં તેને પ્રમોદી કહે...જે ખાવાથી પ્રમોદ—આનંદ—મળે તે પ્રમોદી.

(૫) દૂધિયો બાજરો : આ એક નાગરોની નોવેલ આઈટેમ છે...રાત્રે બાજરાને પાણીમાં પલાળી સવારે કોરો કરી ખાંડણીમાં(આજે મીકસરમાં)ખાંડી નાખી,દસ્તાથી બારીક લોટ જેવા આ ભુકકાને દૂધમાં એલચી બદામ નાખી ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળી પછી તેને ઠંડો કરી ખાવાનો.અગાઉ જનોઈ પ્રસંગે હતો. જૂનાગઢમાં બાળકના નામકરણ પ્રસંગે દૂધિયા બાજરાનું ખાસ મહત્વ હતું જે આજે પણ ચલણમાં છે.

(૬) ઘારી—રાતડાં : દિવાળીમાં નાગરોના ઘરમાં ઘારી—રાતડા બને જ. ઘારી મીઠું નાખી બનાવલી ઘઉંના લોટની પુરી. રાતડાં—ખાંડ તલ નાખેલ ચણાના લોટની ગળી પુરી.

(૭) લૂંજી : અથાણામાં છુંદો બે પ્રકારનો થાય...એક ખાંડ નાખીને બનતો છુંદો અને બીજો ગોળ નાખીને બનાવેલ છુંદાને નાગરો 'લુંજી' કહે છે.

(૮) નાગરોનો માનીતો કાળો સેટ : ગોળના લાડુ,કાળા રીંગણાનું શાક(કાળું)અડદની કાળી દાળ. સાથે ગાજરનો છુંદો (રાયતું)પણ હોય!

<u>વિસરાતા શબ્દો</u> : ટીમણ—ટ્રેઈનની લાંબી મુસાફરીમાં જમવાનું સાથે લઈ જાય તેને ટીમણ કહે.

મછણ—જમ્યા બાદ હાથ ધોવાની ક્રિયાને નાગરમાં મછણ કહે.

નાગરોમાં બે અવટંક ૧.પરોત ૨.પ્રેમાપુરીના માત્ર ને માત્ર એક એક પરિવાર જ છે..

૧. ઊનાના વેરાવળ સ્થાયી થયેલા જશવંત ચુનીલાલ પરોત ૨.વિસનગરથી અમદાવાદ સ્થાયી થયેલા પુષ્પવદન મણીશંકર પ્રેમા—પુરી



ટિકિટ ચેકર : લોકલ ટ્રેનના લેડીઝ કમ્પાર્ટમેન્ટમાં કોઈ પુરૂષ મુસાફરી ન કરે એ ધ્યાન રાખવાનું આપણુ કામ હવે બહુ કપરૂં થઈ ગયું છે.કારણ પહેરવેશ અને વાળની ફેશન એવી થઈ ગઈ છે કે ડબામાં ચડનાર છોકરી છે કે છોકરો એ ખબર પડતી નથી..! રમેશ બૂચ,મુંબઈ.


રાજકોટ ખાતે રૈયા રોડ વિસ્તારમાં જીનેસીસ હોસ્પિટલ સામે, સવન સેફરોન એપાર્ટમેન્ટમાં પહેલા માળે, ત્રણ રૂમ, રસોડા સાથેનો ૧૦૮૫ સ્કવેર ફૂટનો ફર્નિશ્ડ ફલેટ વેચવાનો છે.

સંપર્ક કરો :૯૮૨૫૩૬૦૦૫૫

રાજકોટ ખાતે જાગનાથ મંદિર પાછળ યાજ્ઞિક રોડ નજીક,૮/૧૩ જાગનાથ પ્લોટમાં આશિષ એપાર્ટમેન્ટ પહેલા માળે, બે બેડરૂમ, હોલ કીચન સાથે ૭૦૦ સ્કવેર ફૂટનો સેમિ ફર્નિશ્ડ ફલેટ વેચવાનો છે. સંપર્ક કરો :૯૮૨૫૫૦૫૫૨૮

શું તમે...?



—મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?

—વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...

—મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો? ....તો—

આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...

ફોન કરો : જયેશ વસાવડા

નિર્મળ કલર (અમેરીકન કલર)

મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર

**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**

ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯



તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.